અપીલ અરજી નં.૪૫૪ તા.૧૨–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન )
ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી,ટી.પી.નં.૩૩(ડુંભાલ)ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં બિલ્ડર ધ્વારા ખાડીમાં ૨૫૦થી ૩૦૦મીટર પુરાણ કરેલ છે અને તેઓ વિરુધ્ધ ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ની કલમ–૨૬૦(૧),૨૬૦(૨) મુજબ કાર્યવાહી કરી ડીપોઝીટ/પેનલ્ટી વસુલ કરેલ હોવાનું સીટી ઈજનેર શ્રી વી.ડી.પટેલ તથા શ્રી જતિન શાહ કબૂલ કરી, અમો અરજદારને વારંવાર લેખિતમાં પણ આપી ચૂકયા હોવા છતાં,ડે.કમિશ્નરશ્રી (પ્લા.ડેવ.)ધ્વારા ખાડીની અંદર કોઈ જ પુરાણ નહિ થયું હોવાનાં અમો અરજદારને,ઉપલી કચેરીને તેમજ ગુજરાત સરકારને ખોટા–ખોટા જવાબો આપી અમારી રજૂઆતો સંદર્ભની તપાસને આડા પાટે ચઢાવી,પોતે સુરત મહાનગરપાલિકાના એક જવાબદાર અધિકારી હોવા છતાં આ બિલ્ડરના એડવોકેટ અને એડવાઈઝરની ભૂમિકા ભજવી રહયા હોઈ,અમો અરજદારને ખોટા સાબિત કરવા પ્રયાસો કરી રહયા છે, તે બાબતે આ આખાય પ્રકરણની દફતરી, હકીકતલક્ષી,સ્વયંસ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી વિ. મુદ્દા નં.(૧)થી (૯) માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૪/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા. ૧૮–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી,ટી.પી.નં.૩૩(ડુંભાલ)ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં બિલ્ડર ધ્વારા ખાડીનાં ૨૫૦થી ૩૦૦મીટર પુરાણ કરેલ છે અને તેઓ વિરુધ્ધ ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ની કલમ–૨૬૦(૧),૨૬૦(૨) મુજબ કાર્યવાહી કરી ડીપોઝઢ ીટ/પેનલ્ટી વસુલ કરેલ હોવાનું સીટી ઈજનેર શ્રી વી.ડી.પટેલ તથા શ્રી જતિન શાહ કબૂલ કરી, અમો અરજદારને વારંવાર લેખિતમાં પણ આપી ચૂકયા હોવા છતાં,ડે.કમિશ્નરશ્રી (પ્લા.ડેવ.)ધ્વારા ખાડીની અંદર કોઈ જ પુરાણ નહિ થયું હોવાનાં અમો અરજદારને,ઉપલી કચેરીને તેમજ ગુજરાત સરકારને ખોટા–ખોટા જવબો આપી અમારી રજૂઆતો સંદર્ભની તપાસને આડા પાટે ચઢાવી,પોતે સુરત મહાનગરપાલિકાના એક જવાબદાર અધિકારી હોવા છતાં આ બિલ્ડરના એડવોકેટ અને એડવાઈઝરની ભૂમિકા ભજવી રહયા હોઈ,અમો અરજદારને ખોટા સાબિત કરવા પ્રયાસો કરી રહયા છે, તે બાબતે આ આખાય પ્રકરણની દફતરી, હકીકતલક્ષી,સ્વયંસ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી વિ. મુદ્દા નં.(૧)થી (૯) માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી)અને જાહેર માહિતી અધિકારી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૬૦ તા. ૨૪–૧૦–૧૧, પત્ર નં. ટીડીઓ/૩૨૮ તા. ૪–૧૧–૧૧તથા મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજકના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૩૯૧ તા.૯–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨– ૧૨ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા તપાસણી અંગે થયેલ કાર્યવાહી–રોજકામની નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૨ તા.૧૭–૧૨–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન ), ડે.કમિ.(પીએન્ડડી)અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ ધ્વારા ફાળવેલ સમયે તપાસણી કેટલોથી કેટલો સમય કયા દફતરની કરી ? અને ત્યાર બાદ મુળ અરજીથી જણાવેલ પૈકી કયા મુદ્દા અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી

પત્ર નં.ટીડીઓ/૫૩ તા.૦૩–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૨૭ તા.૧૯–૧૦–૧૧ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉન પ્લાનીંગ તથા કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૨૮ તા.૪–૧૧–૧૧ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.ટીડીઓ/૪૪૫ તા.૩–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૬૭ તા.૧૭–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૬૭ તા.૧૭–૦૧–૧૨ ના પત્રની નકલ તથા ફી ભર્યાની વિગત અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૧૨–૧૧ નો પૂર્તતા પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉન પ્લાનીંગ વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૩૨૭ તા.૧૯–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉન પ્લાનીંગ તથા કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક તરફથી મુદ્દા નં.૬ અંગે પત્ર નં.ટીપીડી/આ.નં.૩૫૯ તા.૨૪–૧૦–૧૧ થી જુની. નગર નિયોજક અને જાહેર માહિતી અધિકારી નગર રચના યોજના નં ૩૩ (ડુંભાલ) એકમ–૮ દિલ્હીગેટ સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) (૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, ટી.પી.નં. ૩૩ (ડુંભાલ)ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં બિલ્ડર ધ્વારા ખાડીમાં ૨૫૦થી ૩૦૦મીટર પુરાણ કરેલ છે અને તેઓ વિરુધ્ધ ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ની કલમ–૨૬૦(૧),૨૬૦(૨) મુજબ કાર્યવાહી કરી ડીપોઝીટ/પેનલ્ટી વસુલ કરેલ હોવાનું સીટી ઈજનેર શ્રી વી.ડી.પટેલ તથા શ્રી જતિન શાહ કબૂલ કરી, અમો અરજદારને વારંવાર લેખિતમાં પણ આપી ચૂકયા હોવા છતાં,ડે.કમિશ્નરશ્રી ( પ્લા.ડેવ.)ધ્વારા ખાડીની અંદર કોઈ જ પુરાણ નહિ થયું હોવાનાં અમો અરજદારને,ઉપલી કચેરીને તેમજ ગુજરાત સરકારને ખોટા–ખોટા જવાબો આપી અમારી રજૂઆતો સંદર્ભની તપાસને આડા પાટે ચઢાવી,પોતે સુરત મહાનગરપાલિકાના એક જવાબદાર અધિકારી હોવા છતાં આ બિલ્ડરના એડવોકેટ અને એડવાઈઝરની ભૂમિકા ભજવી રહયા હોઈ,અમો અરજદારને ખોટા સાબિત કરવા પ્રયાસો કરી રહયા છે, તે બાબતે આ આખાય પ્રકરણની દફતરી, હકીકતલક્ષી,સ્વયંસ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી પુરી પાડવી.મુદ્દા નં.(૨) રાહુલરાજ ટેક્ષ. સીટી, ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં બાંધકામમાં ખાડીમાં ૨૫૦ થી ૩૦૦ મી. પુરાણ કરેલ છે. તેમજ ખાડીની આસ– પાસ નિયમ મુજબ કોઈ પણ માર્જીન પણ છોડવામાં નહિ આવેલ હોવાનું સુરત સિંચાઈ વર્તુળ ડ્રેનેજ વિભાગ–૨ ના કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કલેકટરશ્રી સમક્ષ તેમજ ઝોનલ અધિ. લીંબાયત ઝોનને સ્પષ્ટ જણાવેલ છે. છતાં મહાનગરપાલિકાના ડે.કમિ. (પ્લા. ડેવ.) શ્રી જે.એમ. પટેલ સીધી જ રીતે ફકત ને ફકત આ બિલ્ડરની જ તરફદારી કરી ઉપરી અધિકારીઓ સમક્ષ વારંવાર ખોટા ખોટા અહેવાલો રજૂ કરી આ સમગ્ર કૌભાડ ઉપર પડદો પાડી સમગ્ર પ્રકરણ દબાવી દેવાની દિશામાં આગળ વધી અમો અરજદાર સહિત સમગ્ર તંત્રને પણ તમામ પ્રકારે ખોટા સાબિત કરવાના મરણીયા પ્રયાસો કરી રહયા હોઈ, આ સમગ્ર પ્રકરણ બાબતની અમારી અલગ અલગ રજૂઆતો સંદર્ભે આપના તરફથી કરવાની થતી અને જે તે તારીખ સહિતની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૩) રાહુલરાજ ટેક્ષ. સીટી, ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં પ્લાન પાસ વિરુધ્ધના થઈ રહેલા બાંધકામને નિયંત્રણમાં નહીં રાખવાની જવાબદારી જે અધિકારીઓની છે તેવા અધિકારીઓ શ્રી જે. એમ. પટેલ, શ્રી વિજય બી. દેસાઈ, રાજેષ પંડયા તેમજ શ્રી ગીરીશ ચાંપાનેરીયા જવાબદાર હોવાનું આપના ધ્વારા જ જણાવેલ હોવા છતાં આ અધિકારીઓ વિરુધ્ધ ફોજદારી સહિતના તમામ પ્રકારે કાર્યવાહી કરવા સારુંની અમારી વારંવારની રજૂઆતો સંદર્ભે અલગ અલગ તારીખ સહિતની થયેલ કાર્યવાહી અને નહીં થયેલ કાર્યવાહી સહિતની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી પૂરી પાડવી. મુદ્દા નં.(૪) રાહુલરાજ ટેક્ષ. સીટી , ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં પ્લાન પાસ વિરુધ્ધના થઈ રહેલા બાંધકામ બાબતે અગાઉ આપેલી રજાચિઠ્ઠી તા.૧૩–૬–૧૧ ના રોજ રદ કરેલ તે અંગેની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી પૂરી પાડવી. તથા ત્યાર બાદ આ જ જગ્યામાં ફરીથી બાંધકામ કરવા પરવાનગી કે રજાચિઠ્ઠી આપેલ હોય તો આ બિલ્ડર ધ્વારા રજા ચિઠ્ઠી રદ થયા બાદ ફરી પાછી રજા ચિઠ્ઠી આપી બાંધકામ કરવાની પરવાનગી બાબતે માંગણી કરેલ હોય જે બાબતે આપના ધ્વારા જે તે દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવેલ હોય તેની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૫) રાહુલરાજ ટેક્ષ. સીટી ,ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં પ્લાન પાસ વિરુધ્ધના થઈ રહેલા બાંધકામ બાબતે અગાઉ આપેલી રજાચિઠ્ઠી તા.૧૩–૬–૧૧ ના રોજ રદ કરેલ બિલ્ડર ધ્વારા ફરી પાછી રજાચિઠ્ઠી આપી બાંધકામ કરવાની પરવાનગી બાબતે માંગણી કરેલ હોય જે બાબતે આપના ધ્વારા જે તે ખુલાસો કરવા પૂર્તતા કરવા ગેરકાયદે બાંધકામ દુર કરવા તથા પ્લાનમાં ફેરફાર કરવા ઉપરાંત જે તે દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવેલ હોય અને બિલ્ડર ધ્વારા આપના તરફથી માંગેલ ઉપરોકત મુજબ જે તે દસ્તાવેજો રજૂ કરેલ હોય કે અન્ય જે તે પૂર્તતા કરેલ

હોય તેની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી મુદ્દા નં.(૬) રાહુલરાજ ટેક્ષ. સીટી, ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં દક્ષિણે રીઝર્વેશન આર–૫ ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન /પબ્લિક યુટીલીટી) ક્ષેત્રફળ ૧૩,૮૯૯ ચો.મી. મુકવામાં આવેલ આ રિઝર્વેશન કાયદેસર કે ગેરકાયદેસર રીતે જો ઉઠાવી લેવાયું હોય તો આ રિઝર્વેશન ઉઠાવી લેવા બાબતના આધાર પુરાવા તથા આ રિઝર્વેશન ઉઠાવી લેવા માટેની જે તે સત્તા ધરાવનાર જે તે અધિકારીના નામ, હોદ્દા તથા આ બાબતની ધરાવેલ સત્તા સહિતની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૭) રાહુલરાજ ટેક્ષ. સીટી, ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં દક્ષિણે રીઝર્વેશન આર–૫ ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન /પબ્લિક યુટીલીટી) ક્ષેત્રફળ ૧૩,૮૯૯ ચો.મી. મુકવામાં આવેલ તે જમીનમાં હાલમાં જેટલા ક્ષેત્રફળમાં જેટલા માળનું જે તે બાંધકામ થયેલ હોય તેની દફતરી, હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી તથા આ રિઝર્વેશન ન ઉઠાવેલ હોય તો આ ગેરકાયદે બાંધકામને નહી રોકનાર તેમજ આ બાંધકામ ગેરકાયદે હોવા છતાં બાંધકામ દુર નહીં કરનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૮) રાહુલરાજ ટેક્ષ. સીટી, ટીપી નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ વાળી જમીનમાં પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં હોવાનું સ્થળ તપાસ દરમ્યાન ધ્યાને આવતાં આર્કી. શ્રી સંજય જોશીને પત્ર નં.ટીડીઓ/૩૫૦૨ તા.૩૦–૧૦–૧૦ થી મનાઈ હુકમ આપવામાં આવેલ છતાં તમારા હુકમની ઐસી તૈસી કરી સ્થળ પર બાંધકામ ચાલુ રાખનાર આ આર્કી. " મંજુર વિકાસ નિયંત્રણ " નિયમો–૨૦૦૪ ના નિયમ–૯.૩.૨ (સી) થી નિયત કરેલ તેઓની ફરજ બજાવવામાં તેઓ સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ મહાનગરપાલિકાએ તેઓને આર્કી. તરીકે ઈસ્યુ કરેલ લાયસન્સ રદ કેમ કરવુ? તે અંગે આર્કી. નો લેખિત ખુલાસો દિન–૦૭ માં રજૂ કરવો અન્યથા મુદત વીત્યે તમો કશું કહેવા માંગતા નથી તેમ સમજી લાયસન્સ રદ કરવામાં આવનાર હોવા અંગેની નોટીસ નં.ટીડીઓ/૩૭૧૨ તા.૨૩–૧૧–૧૦ થી પાઠવી જણાવેલ. જે સંદર્ભે આ આર્કી. તરફથી નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં જે તે જવાબ કે પૂર્તતા કરેલ હોય તો તેની વિગત સહિતની માહિતી તેમજ જવાબ/પૂર્તતા સમય મર્યાદામાં નહી કરેલ હોય તો નોટીસમાં જણાવ્યા મુજબ તેઓની વિરુધ્ધમાં તંત્ર તરફથી લાયસન્સ રદ કરાયેલ હોય કે અન્ય કરાયેલ કાર્યવાહી સહિતની દફતરી હકીકતલક્ષી સ્વયં સ્પષ્ટ અહેવાલ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.૯ મધ્યસ્થ કચેરીમાં અમો ધ્વારા મ્યુ. કમિ.શ્રીને સંબોધીને ડે.કમિ. જે. એમ. પટેલ સહિતના અન્ય રાહુલરાજ ટેક્ષ. સીટીના મહાકૌભાડી અધિકારીઓ વિરુધ્ધ ફોજદારી સહિતની તમામ પ્રકારે કાર્યવાહી કરવા અનેક લેખિત રજૂઆતો સંદર્ભે સ્વયં મ્યુ. કમિ. ધ્વારા અમારી અલગ અલગ અરજીઓ ઉપર જે તે કાર્યવાહી કરવા સારુંના રીમાર્કસ કરવામાં આવ્યા હોય અને તે સંદર્ભે જે તે કાર્યવાહી થયા અંગેની સ્પષ્ટ અને સાચી માહિતી તથા આ મહાભ્રષ્ટ અધિકારીઓ અમો અરજદારને ખોટા સાબિત કરવા સહિતના જે તે જવાબો રજૂ કરવામાં આવેલ હોય તેની અલગ અલગવિગતવાર તારીખ સહિતની સંપૂર્ણ માહિતી.

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી સંદર્ભે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૨૮ તા.૦૪–૧૧–૧૧ થી ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ), ફા.પ્લોટ નં.૧૩ " રાહુલરાજ " ટેક્ષ. વાળી મિલ્કત અન્વયે જણાવવાનું કે સદર માહિતી ખુબ જ વિસ્તાર પૂર્વકની હોય ફાઈલનું રૂબરૂ નિરીક્ષણ કરવા તમો ઈચ્છુક હોય તો નિરીક્ષણ માટે શહેર વિકાસ વિભાગનો સમય અને તારીખ મેળવી નિરીક્ષણ કરવા માટે પ્રથમ ૩૦ મીનીટ માટે ચાર્જ નથી. ત્યાર બાદ પ્રતિ ૩૦ મિનિટના રૂા.૨૦/– લેખે જમા કરાવવાના રહેશે. ફાઈલનું નિરીક્ષણ કર્યેથી તેઓની રજૂઆત મુજબના પાના તથા પરામર્શના પાનાની નકલની જરૂરીયાત હોય તે મેળવવા નિયમ મુજબ નકલ ફી ના ચાર્જ વસુલ લઈ આપવામાં આવશે. તેવું સમય અવધિમાં જણાવેલ. ત્યાર બાદ અરજદારે તા.૦૧–૧૧–૧૧ થી સદર પત્રની ચકાસણી માટે સમય ફાળવણી માટે અરજી કરેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૯૧ તા.૦૯–૧૧–૧૧ થી તા.૧૪–૧૧–૧૧ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સમય ફાળવવામાં આવેલ. પરંતુ અરજદારે તેમની તા.૧૭–૧૧–૧૧ ના પત્રથી જાહેર માહિતી અધિકારીને તેઓ કામકાજ અર્થે બહારગામ હોઈ હાજર ન હતાં જેથી આવી શકયા નથી તેવું જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી ટીપીડી/આરટીઆઈ/૩૬૦ તા.૨૪–૧૦–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં પત્ર પાઠવી ઈન્સ્પેકશન આપવામાં આવેલ. જે અંગે અરજદારે તેમની પૂરક વિગતોમાં ઈન્સ્પેકશન કર્યા અંગેનું જણાવી તેઓએ શ્રી કિરણ સુમરાની ફકત એક જ ફાઈલ બતાવી હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારે દફતરી તપાસણી નહીં પરંતુ છુપાયેલ હોઈ તેવી સંપૂર્ણ માહિતીની માંગણી પૂરક વિગતોમાં કરેલ છે. વધુમાં અરજદારની અરજીના મુદ્દા નં.૬ અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૫૯ તા.૨૪–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં જુની. નગર નિયોજક અને જાહેર માહિતી અધિકારી નગર રચના અધિકારી યોજના ૩૩ (ડુંભાલ) ,એકમ–૮ ને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે મળેલી માહિતી ના પત્ર નં.ટીપીડી/૩૫૯ તા.૨૪–૧૦–૧૧ થી અને ટીપીડી/૩૯૧ તા.૯–૧૧–૧૧ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તેમની અપીલમાં તા. ૧૧–૧૧–૧૧ સુધી દફતરી તપાસણી માટે સમય ફાળવવા જણાવેલ અને સમય નહીં ફાળવી આપવા માટેની બેદરકારી અને ખાસ કારણોની રજૂઆતકરેલ છે. જયારે અરજદારના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૯૧ તા.૦૯–૧૧–૧૧ ની નારાજગી બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ ઈન્સ્પેકશન બાબતે સમયની ફાળવણી બાબતેની માંગણી કરવામાં આવેલ અને તે મુજબ અરજદારને તા.૧૪–૧૧–૧૧ ના રોજ ૪.૦૦ કલાકે ઈન્સ પેકશનની ફાળવણી કરવામાં આવેલ છે પરંતુ અરજદારે અપીલ તબકકે

તેમના તા.૧૭–૧૧–૧૧ ના પત્રથી કામકાજ અર્થે બહારગામ હોઈ ઓફિસમાં હાજર રહયા ન હતાં અને આવી શકયા નથી. તેવું જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર નં.ટીપીડી/૪૧૬ તા. ૨૫–૧૧–૧૧ થી અરજદારે તા.૧૮–૧૧–૧૧ ના રોજ અરજદારે ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ/ઈન્સ્પેકશન કરેલ છે. જે બાદ અરજદાર તરફથી માંગણી કરવામાં આવેલ પત્રો અન્વયે એક પાનાના રૂા.૨/– લેખે કુલ ૭ પાનાના રૂા.૧૪/– કચેરીએ જમા કરી મેળવવા અરજદારને જણાવવામાં આવેલ. તે અંગેના અરજદારને પાઠવેલ પત્રની નકલ અપીલમાં અત્રે રજૂ કરેલ છે. આથી અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન અંગે સમય ફાળવવામાં આવેલ નથી તેવી દલીલને સમર્થન મળતું નથી. વધુમાં અરજદારને તમામ પત્રો સમય અવધિમાં પાઠવેલ હોઈ વિના મૂલ્યે માહિતી મેળવવાની અરજદારની રજૂઆત કાયદા સાથે સુસંગત નથી. જેમાં અરજદારનો ટીપીડી નં.૩૫૯ તા.૨૪–૧૦–૧૧ થી નગર નિયોજક જુની. નગર નિયોજક અને જાહેર માહિતી અધિકારી નગર રચના અધિકારી યોજના ૩૩ (ડુંભાલ) ,એકમ–૮ ને તબદીલ કરેલ છે. આથી તેની નારાજગી અંગે તેના ઉપરી અધિકારીને અપીલ બાબતે અન્ય સત્તા મંડળ હોઈ તેને અપીલ કરવાની રહે.

વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૪૫ તા.૦૩–૦૧–૧૨ થી શહેર વિકાસ ખાતામાં તા.૧૯–૧૦–૧૧ ના રોજ મળેલ છે. સદર અરજી અન્વયે ફાઈલનું રૂબરૂ નિરીક્ષણ કરવા શહેર વિકાસ કચેરીમાં તા.૧૨–૦૧–૧૨ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન રૂબરૂ જોઈ શકો છો જેમાં પ્રથમ ૩૦ મિનીટ માટે કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રતિ ૩૦ મિનીટના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહે છે. રૂબરૂ ચકાસણી દરમ્યાન જો તમો જે કોઈ નકલ મેળવવા માંગતા હશે તો તે પ્રતિ નકલના રૂા.૨/– લેખે જમા કરાવ્યેથી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૬૭ તા.૧૭–૧–૧૨ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૧ અને ૨ લીંબાયતઝોનને લાગુ પડતા નથી તેમજ મુદ્દા નં.૪ થી ૮ મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને લાગુ પડતા હોય લીંબાયતઝોનને લાગુ પડતા નથી તેમજ મુદ્દા નં.૩ અને ૯ બાબત નિતીવિષયક નિર્ણયની હોઈ લીંબાયતઝોનને લાગુ પડતી નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી બાબતે ઈન્સ્પેકશન અંગે પૂરતો પ્રયાસ કરવામાં આવેલ જણાય છે. જે અંગે અરજદાર તા.૧૮–૧૧–૧૧ ના રોજ કરેલ ઈન્સ્પેકશન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગના પ્રસ્તાવ અનુસાર રૂા.૧૪/– ભરી નકલો મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારને પત્ર નં.ટીડીઓ/૪૪૫ તા.૩–૧–૧૧ ના પત્રથી જણાવેલ દરખાસ્ત અનુસાર ઈન્સ્પેકશન મેળવી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદારનો વ્યાપક પ્રકારની માહિતી હોવા છતાં તપાસણીનો ઈન્કાર કરી વિના મૂલ્યે માહિતી મેળવવાનો આગ્રહ કાયદાની કલમ–૭(૧)(૩) સાથે ૭(૬) અને ૭(૯) અને આમુખની જોગવાઈ સાથે સુસંગત નથી. જાહેર માહિતી અધિકારીઓનો દફતરી તપાસણી આપવાનો પ્રસ્તાવ તેમના પક્ષે પારદર્શીતા પરત્વેનો પ્રયત્ન સૂચવે છે અને તે ધ્યાને લેતાં અરજદારના " માહિતી છુપાવવાના" આક્ષેપોને સમર્થન મળતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીના તેમના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૧૬ તા.૨૫–૧૧–૧૧ ના પ્રસ્તાવ અનુસાર જણાવેલ નાણા ભરપાઈ કરી નકલો મેળવવા તથા પત્ર નં.૪૪૫ તા.૦૩–૧–૧૧ થી જણાવેલ દરખાસ્ત અનુસાર ઈન્સ્પેકશન મેળવી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી –ચાર્જ ભરપાઈ કરી જરૂરી નકલો મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ